# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત જુલાઈથી સપ્ટેમ્બર 2024 માટે રાજ્યની ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે 19 કરોડ 50 લાખ રૂપિયાની સહાય ચૂકવાઈ
2) અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આવતીકાલથી ફ્લાવર શો શરૂ થશે
3) સુરતમાં હજીરાની કંપનીમાં થયેલા વિસ્ફોટ કેસમાં જિલ્લા કલેકટરે તપાસના આદેશ આપ્યા
4) અમદાવાદ શહેરની સાયબર ગુનાશોધક શાખાએ રશિયન ગેંગનાં આરોપીની ધરપકડ કરી.
5) નાતાલના વેકેશન દરમ્યાન દ્વારકા જગત મંદિરમાં 9 લાખ 70 હજાર શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા
6) રાજ્યમાં ઠંડીથી રાહતઃ વિવિધ જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનમાં અડધાથી બે ડિગ્રી સેલ્સિયસનો વધારો

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Mukhymanti Gaumata Poshan Yojna

જુલાઈ-૨૦૨૪ થી સપ્ટેમ્બર-૨૦૨૪ માટે રાજ્યની વધુ ૩૩ ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય ચૂકવવામાં આવી છે.. મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી આ ગૌશાળા અને પાંજરાપોળના આશરે ૭૦ હજાર ૬૦૦ થી વધુ પશુઓ માટે રાજ્ય સરકાર દ્વારા 19 કરોડ 50 લાખની સહાય ચૂકવવામાં આવી છે.

ગૌશાળાઓ અને પાંજરાપોળોને પશુ નિભાવ સહાયની ચૂકવણી કરવા માટે ગાંધીનગર ખાતે રાજ્ય સમિતિની ત્રીજી બેઠકમાં આ માહિતી આપવામાં આવી.

ઓકટોબર-૨૦૨૪ થી ડિસેમ્બર-૨૦૨૪ના તબક્કા માટેની સહાય મેળવવા ઈચ્છુક ગૌશાળા અને પાંજરાપોળ ઓનલાઇન અરજી કરી શકે તે માટે ૧ થી ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ દરમિયાન આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ રૂ. 171 કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# Ahmedabaad –Flower show

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આવતીકાલથી ફ્લાવર શો શરૂ થશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવતીકાલે સવારે ફ્લાવર શોનું ઉદઘાટન કરશે. અમદાવાદનાં મેયર પ્રતિભા જૈને જણાવ્યું હતું કે, આ વર્ષે ફ્લાવર શોમાં વિવિધ છ ઝોન રાખવામાં આવ્યાં છે.

(બાઈટ -- અમદાવાદનાં મેયર પ્રતિભા જૈન)

ફ્લાવર શોમાં 7 લાખથી વધુ રોપા સાથેની 400 ફૂટની ક્રેનિયલ વોલ બનાવવામાં આવશે, 15 લાખથી વધુ રોપા પ્રદર્શિત કરવામાં આવશે. જેમાં 30થી વધુ વિદેશી ફૂલોનો સમાવેશ થાય છે.

12 વર્ષથી ઉપરની પ્રત્યેક વ્યક્તિ માટે સોમવારથી શુક્રવાર 70 રૂપિયા અને શનિ-રવિ દરમિયાન 100 રૂપિયા ફી રહેશે.

આ વર્ષે ભીડથી બચવા માંગતા મુલાકાતીઓ માટે VIP એન્ટ્રી રાખવામાં આવી છે. સવારે 9થી 10 અને રાત્રે 10 થી 11 ના સમય દરમ્યાન પ્રવેશ ફી રૂપિયા 500 રહેશે. ફ્લાવર શો ત્રણથી થી 22 જાન્યુઆરી સુધી એમ 20 દિવસ સુધી યોજાશે ત્યારબાદ નાગરિકોની માંગને ધ્યાનમાં રાખીને ફ્લાવર શોને લંબાવવામાં આવશે.

. . . . . . . . . . . . .

# Surat Blast Investigation

સુરતમાં હજીરાની આર્સેલર મિત્તલ કંપનીમાં થયેલી બ્લાસ્ટ દુર્ઘટના મામલે જિલ્લા કલેકટરે તપાસના આદેશ કર્યા છે અને ઓલપાડ પ્રાંતને બે દિવસમાં તપાસનો રિપોર્ટ આપવા જણાવ્યું છે.

અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, રિપોર્ટ આવ્યા બાદ કમિટીની રચના કરીને આગળની કાર્યવાહી હાથ ધરાશે. આ સાથે જ જે કોરેક્સ પ્લાન્ટ-2માં ઘટના બની તેને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી બંધ કરાવી દેવામાં આવ્યો છે. મૃત્યુ પામેલ ચારેય મૃતકોની ઓળખ માટે તેઓનાં પરિવારજનો નાં ડીએનએ ટેસ્ટ કરવા માટે સેમ્પલ લેવામાં આવ્યા હતા. ડીએનએ રિપોર્ટ બાદ પરિવારજનોને મૃતદેહ સોંપવામાં આવશે.

કંપનીમાં બંધ પડેલો કોરેકસ પ્લાન્ટ શરૂ કરતી વખતે એક ઉપકરણમાંથી ગરમ પદાર્થ ઢોળાતા ત્યાં લિફ્ટ મેન્ટેનન્સની કામગીરી કરી રહેલા ચાર કામદારો દાઝી જતા તેમના કરૂણ મોત થયા હતા.

. . . . . . . . . . . . .

# Local Body Election

રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની આગામી સમયમાં યોજાનારી ચૂંટણીઓ અને પેટા ચૂંટણીઓ માટેની મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગની યાદીમાં જણાવાયું છે કે, જૂનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી, 73 નગરપાલિકાની સામાન્ય અને મધ્યસત્ર ચૂંટણી તથા ખેડા જિલ્લા પંચાયત અને કઠલાલ, કપડવંજ અને ગાંધીનગર તાલુકા પંચાયતની ખાલી પડેલી બેઠકોની પેટા ચૂંટણી માટે જે તે સ્વરાજ્ય એકમોના મતદાર નોંધણી અધિકારીઓએ મતદાર યાદી પ્રસિદ્ધ કરી છે.

. . . . . . . . . . . . .

# Ahmedabad – cyber Branch

અમદાવાદ શહેર સાયબર ક્રાઈમ બ્રાન્ચે સાયબર ફ્રોડ કરતી રશિયન ગેંગનાં આરોપીની ધરપકડ કરી છે.

કસ્ટમ ઈન્સપેક્ટર અને પોલીસ અધિકારીની ખોટી ઓળખાણ આપી, પાર્સલમાં ફેક પાસપોર્ટ તથા એટીએમ કાર્ડ અને એમડી ડ્રગ્સ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરાવી સાયબર ફ્રોડ કરતી, ગેંગનાં આરોપીની ધરપકડ પૂણેથી કરવામાં આવી છે.

આ અંગે માહિતી આપતાં અમદાવાદ શહેર સાયબર ક્રાઈમ બ્રાન્ચનાં DCP લવીનાં સિંન્હાએ આ મુજબ જણાવ્યું હતું કે....

(બાઈટ -- સાયબર ક્રાઈમ બ્રાન્ચનાં DCP લવીનાં સિંન્હા)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

.....................................

# Van mantra --Mukesh patel

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલે નવસારી અને વલસાડ જિલ્લાના નહેર આધુનિકીકરણના ૪૫ કરોડથી વધુ રૂપિયાના કામોનું ખાતમુહૂર્ત કર્યું છે. નવસારી અને વલસાડ જિલ્લાની ૪હજાર ૭૮૦ હેક્ટર જમીનને તેનો લાભ મળશે.

શ્રી પટેલે નવસારીના નાગધરા ગામ ખાતે ,ઉકાઈ-કાકરાપાર યોજના હેઠળના નવસારી અને વલસાડ જિલ્લાના નહેર આધુનિકીકરણના કામ સહિત ૪૫ કરોડથી વધુના ૨૨ કામોનું ખાતમુહૂર્ત કરી ઈ-તકતીનું અનાવરણ કર્યું હતું.

આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, નહેર આધુનિકીકરણના કામો થવાથી પાણીનું લીકેજ/સીપેજ અટકશે તેમજ છેવાડાના વિસ્તાર સુધીમાં પૂરતા પ્રમાણમાં ખેડૂતોને સમયસર સિંચાઈનું પાણી મળશે. મંત્રી શ્રીએ ખેડૂતોને વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ કરવા ‘કેચ ધ રેન’ અભિયાનને અપનાવવા આગ્રહ કર્યો હતો

. . . . . . . . . . . . .

# Jamnagar Raghavji Patel

રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જામનગર તાલુકાના અલીયા-ચાવડા ગામથી રાજ્ય ધોરીમાર્ગ સુધીના રોડ પર સાત કરોડ રૂપિયાનાં ખર્ચે થયેલા રીસર્ફેસિંગ અને અલીયા ગામે પાંચ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા મેજરબ્રીજનું  લોકાર્પણ  કર્યું હતું. શ્રી પટેલે સુર્યપરા ગામે અઢી કરોડ રૂપિયાનાં ખર્ચે નિર્માણ પામનાર પુલનાં કામનું ખાતમુહુર્ત પણ  કર્યું હતું.

આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું હતું કે, સરકાર ગામડાઓમાં પણ શહેરની સમકક્ષ સુવિધાઓ ઉભી કરી રહી છે.

. . . . . . . . . . . . .

# Dwarka –visitors

દ્વારકા જગત મંદિરમાં નાતાલના વેકેશન દરમિયાન 9 લાખ 70 હજાર જેટલા શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા છે.

નવા વર્ષને પ્રારંભે દ્વારકા, બેટ દ્વારકા અને નાગેશ્વર જ્યોતિર્લિંગ જેવા ધાર્મિક સ્થળો પર ભાવિકોનો અવિરત પ્રવાહ ચાલુ છે. દ્વારકાના નાયબ પોલીસ અધિક્ષક સાગર રાઠોડે જણાવ્યું હતું કે, ખૂબ જ શાંતિપૂર્ણ માહોલમાં ભક્તોએ દર્શન લાભ લીધો હતો.

(બાઈટ -- નાયબ પોલીસ અધિક્ષક સાગર રાઠોડ)

. . . . . . . . . . . . .

# Patan – Ranki Vav

પાટણ જિલ્લાની ઐતિહાસિક રાણ કી વાવની ગયા વર્ષે 3 લાખ 62 હજાર ભારતીય તેમજ 3 હજાર 449 વિદેશી મુલાકાતીઓ સહિત કુલ ત્રણ લાખ 65 હજાર 482 પ્રવાસીઓએ મુલાકાત લીધી છે.

પુરાતત્વ વિભાગને વાવની પ્રવેશ ટિકીટ પેટે 1 કરોડ 65 લાખ 50 હજાર રૂપિયાની આવક થઈ છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિભાગ દ્વારા વિશ્વ વિરાસત સ્થળ રાણીની વાવની દેખરેખ અને જાળવણી કરવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . .

# Weather

છેલ્લાં 24 કલાક દરમિયાન રાજ્યભરના વિવિધ જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન અડધાથી બે ડિગ્રી સેલ્સિયસ સુધી વધ્યું છે.

રાજ્યમાં સૌથી ઓછું 9 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નલિયામાં નોંધાયું હતુ. ચાર મહાનગરોમાં પણ ઠંડીનું પ્રમાણ ઓછું રહ્યું હતું અમદાવાદમાં ગતરાત્રિ દરમિયાન 15 ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં 15.8 ડીગ્રી સેલ્સિયસ, રાજકોટમાં 12.4 ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં 18.4 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. આજે પણ અમદાવાદ શહેરમાં 15 ડિગ્રી અને ગાંધીનગરમાં 14 ડિગ્રી સેલ્સિયસની આસપાસ લઘુત્તમ તાપમાન રહેવાની શક્યતાઓ છે.

હવામાન વિભાગના નિયામક એ કે દાસના જણાવ્યા અનુસાર જાન્યુઆરીથી માર્ચ દરમિયાન રાજ્યમાં કેટલાંક જિલ્લાઓમાં સામાન્ય વરસાદની સંભાવના છે. જાન્યુઆરીમાં સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાતનાં વિસ્તારોમાં સામાન્ય અને સામાન્યથી ઓછો વરસાદ પડવાની સંભાવના છે, જ્યારે તાપમાન સરેરાશ કરતા વધુ રહેવાનું પુર્વાનુમાન છે.

. . . . . . . . . . .